સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પરખાઈ જાય છે માણસ, સમય સાથે -
ઓળખી જાય છે સ્વભાવ, સમય સાથે -
સમય સાથે જ ખૂલી જાય છે બાંધી મુઠ્ઠી -
ઉતરી જાય છે રંગ દંભનો, સમય સાથે...

હાઈકુ

પડે વિખૂટાં
ખાતાં થ્યાં સરભર
સમય સાથે...

પૂરા થાય છે
હિસાબો જિંદગીના -
સમય સાથે...

ચિંતન

કર્માયત્તં ફલં પુંસાં બુદ્ધિઃ કર્માનુસારિણી ।
તથાપિ સુવિચા કાર્યં કર્તવ્યં સુવિચારતઃ ॥

ઉપરોક્ત શ્લોક 'નીતિશતક' માંથી લેવામાં આવેલ છે.

પૂર્વ કર્માનુસાર માણસને સુખ દુઃખ મળે છે તે બુદ્ધિ પણ પૂર્વકર્માનુસાર જ કામ કરે છે. આમ હોવા છતાંયે બુદ્ધિમાન મનુષ્યે જોઈ વિચારીન જ કાર્ય કરવું જોઈએ.

પૂર્વજન્મોના કર્મ (સત્કર્મ હોય કે દુષ્કર્મ) પ્રમાણે માણસને જન્મકુળ પરિવાર, વર્ણ, બુદ્ધિ, વાતાવરણ, સુખ-દુઃખ બધું મળતું હોય છે આમાં આપણે કોઈ જ ફેરફાર કરી શકતા નથી.

રમત રમતાં જે તેર પત્તા મળ્યાં હોય તેમાં ક્યું પત્તું પહેલું - છેલ્લું ઉતરવું એટલું જ તમારી બુદ્ધિ પ્રમાણે નિર્ણય લઈ શકો પણ હારજીત તો નિશ્ચિત જ હોય છે.

સુવિચાર

- બે - પાંચ એવી પળ હો, ના સ્વાર્થ કે ન છળ હો, સંવેદનાનું જળ હો, તો જિંદગી સફળ હો - **રેણુકા દવે**
- જયાં સફળ બિઝનેશ દેખાય,
  ત્યાં સમજવું કે કોઈએ કયારેક પણ હિંમતથી કડવો નિર્ણય લીધો હશે - **પીટર ડ્રકર**
- જેટલું તમે વધારે જામતા હશો, તેટલું તમારે ઓછું બોલવું પડશે - **જીવન પાયેય**
- તમે સફળતાની કિંમત નથી ચૂકવતા, સફળતાની કિંમત માણો છો - **હિલેરી બ્રુક્સ**
- જો તમે નહીં બદલાવ, તો અંતે વાસ્તવિકતા તમારા પર તે પરિવર્તન ઠોકી બેસાડશે - **એરિક સ્ટુઅર્ટ**
- જયારે પકડી રાખવાની પીડા છોડવાના ભય કરતાં વધારે તીવ્ર બને છે,
  ત્યારે જે પરિવર્તન આવે છે - **જહોન સ્પેન્સર**
- આજનું ઔષધ : હળદર પાઉડરની સાથે ખાવાનો ચૂનો અને સપ્રમાણ મદનો લેપ મચકોડ પર અથવા સોજા ઉપર લગાડવાથી તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

આજકાલ ડાયાબિટીસ, પગનાં સાંધાં, ઘુંટણના દુઃખાવાની ફરિયાદોનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે. કારણ કે માણસે 'ચાલવા'નું શ્રમનું કામ બંધ કર્યું છે. ૧૯૩૦માં ધીમે ધીમે ભારતમાં વાહન વ્યવહાર વધવા લાગ્યો. પંડિત રવિશંકર મહારાજ જેલમાંથી છૂટ્યા અને બોરસદની બાજુમાં નાના ઠાકોર ગામમાં ગયા. મહારાજ તો દરેક જગ્યાએ ચાલતા જતા. એમને મળવા ગામના ચોરે પચાસેક ઠાકોરો ભેગા થયા. વાતો, ગામગપાટા શરૂ થયા. લોકોમાંના એક જવાનીયાએ મહારાજને કહ્યું, 'મહારાજ હવે તો ગામમાં બસ આવે છે. હોકો પીએ એટલીવારમાં તો બોરસદ ભેગાં !!' સગવડથી રાજી થનાર યુવાનની વાત મહારાજને ગમી નહીં એટલે એમણે કહ્યું, 'હોકો પીએ એટલી વારમાં? મારા માન્યામાં નથી આવતું.' યુવાને કહ્યું 'હા મહારાજ સાવ સાચું !!' મહારાજે આ ઠાકોરોને સીધાં કરવાનું મનમાં નક્કી કર્યું હતું. તેમણે કહ્યું, 'આ બસમાં બોરસદ જવાનું ભાડું કેટલું થાય છે?' યુવાને કહ્યું, 'છ આના, આવતાં જતાંના કુલ બા આના થાય.' મહારાજે કહ્યું, 'તું આખો દિવસ ખેતરમાં મજૂરી કરે તો તમે કેટલા મળે ?' યુવાને કહ્યું, 'ચાર આના.' મહારાજે એને ગણતરી સમજાવી. 'ભાઈ તું બાર આનાનું ભાડું ખરચે તે તો તારા ત્રણ દિવસની મજૂરી થઈ - હવે તું જ કહે તું હોકો પીવે એટલીવારમાં બોરસદ પહોંચ્યો કે ત્રણ દિવસની મજૂરી પછી ??' યુવાનો, ઠાકોરોને રવિશંકર મહારાજની વાત શીરાની જેમ ગળે ઉતરી ગઈ.

મહામારી નાથવા સામુહિક પ્રયાસો અનિવાર્ય

તંત્રીસ્થાનેથી...

કોરોના વાયરસનો કહેર દિન-પ્રતિદિન વૈશ્વિક ફલક ઉપર વધુને વધુ પ્રસરતો જા છે. હોસ્પિટલો ઉભરાય છે... મોતનું તાંડવ ખેલાય છે. આખી દુનિયા થંભી ગઈ છે. માનવજાત મહામુસીબતમાં સપડાઈ છે. કેસ અને મૃત્યુના આંકડા પ્રત્યેક ક્ષણે બદલાતા જાય છે. મહામારીનો અંત કયારે આવશે તેની કોઈને ય ખબર નથી...!

એટલું જ નહીં તેના ઉપાય પણ કોઈની પાસે નથી...!? ભલભલી મહાસત્તાઓ મહામારી સામે લાચાર બનીને ઊભી છે. ત્યારે તુતુ-મેંમેં કરવાનો સમય નથી. આક્ષેપો-પ્રતિઆક્ષેપોનો કોઈ અવકાશ નથી. કોણ સારું... કેટલું સાચું... આવું મૂલ્યાંકન કરનારાઓ મુર્ખાઓની યાદીમાં પોતાનું નામ ઉમેરે છે.

અત્યારે તો સમય છે માનવ જાત સામે ઊભા થયેલા પડકારને કેવી રીતે ઝીલી બતાવવો...?! ઉપાય ન હોય ત્યારે સતર્કતા જ એકમાત્ર હથિયાર છે...! સકારાત્મકતા તેનું પૂરક હથિયાર છે... માનવજાત તેના અસ્તિત્વ માટે મહાસંઘર્ષ કરે છે. ત્યારે રાજકારણના આટાપાટા દેશ-પરદેશના સીમાડાઓ... ભાષા પ્રાંતની ભેદરેખાઓ... જ્ઞાતિ-ધર્મ સંપ્રદાયના વાડાઓ... આ બધું જ ભૂલવાનો સમય છે. અને વિશ્વ માનવ બનીને પુરવાર કરવાની આ ઘડી છે.

કોઈ દેશ બીજા દેશને મદદ ઓછી કરે... કોઈ એક સરકાર બીજી સરકારને સહાય પહોંચાડવામાં ઠાગાઠૈયા કરે.... કોઈ એક જ્ઞાતિ સમાજ બીજી જ્ઞાતિ સમાજ માટે પક્ષપાત કરે તે કોઈ પણ ભોગે ચલાવી લેવાય નહી. કોઈને ભાંડવી એ નથી કે કોઈની ભક્તિએ નથી કરવી.... માત્ર ભાવનાઓથી તરબતર માનવ બનીને જીવવું છે... એવી પ્રતિબદ્ધતાનો આજે સમય છે.

હા...! કયાંક તકલીફો છે અને હોવાની....! આટલા વ્યાપક પ્રમાણમાં ફેલાતી મહામારી સમયે રોજીરોટીની તકલીફ થાય... આવન-જાવનની તકલીફ થાય...ધંધા-રોજગારની તકલીફ થાય... આ સહજ અને સ્વાભાવિક છે. પરંતુ વ્યાપક હિતમાં થોડી તકલીફો સહી લેવી પડે તે પણ એટલું જ સત્ય છે. આ અકળાવાનો સમય નથી. આ અથડામણનો પણ સમય નથી... આ વાદ-વિવાદનો પણ સમય નથી...! આ સમય છે માત્ર અને માત્ર સકારાત્મકતા અને શ્રદ્ધાથી માનવજાતને ઉગારવાનો.

વૈશ્વિક પડકારોને પહોંચવા સામુહિક પ્રયાસોની આવશ્યકતા જ નહિ અનિવાર્યતા છે.

ઈન્સાન કા સબસે બડા દુશ્મન ઈન્સાન હૈ, વહ ઉસ પર ઝુલ્મ કરતા હૈ

ઇન્સાન કા સબસે બડા દુશ્મન ઇન્સાન હૈ, વહ ઉસ પર ઝુલ્મ કરતા હૈ
- ડકૈત

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૧૯૮૭માં રાહુલ રવૈલ દિગ્દર્શિત આ ફિલ્મમાં સની દેઓલ,મીનાક્ષી શેષાદ્રી,રાખી અને પરેશ રાવલ જેવ ધરખમ કલાકારો હતા. ફિલ્મના નામ પ્રમાણે જ ફિલ્મ ચંબલના ડાકુઓ પર બનાવવામાં આવી હતી.આ ફિલ્મની વાર્તા અને સંવાદો જાવેદ અખ્તરે લખ્યા હતા.

ફિલ્મમાં સંવાદ સની દેઓલ બોલે છે.રાહુલ રવૈલ અને સની દેઓલનો નાતો ઘનિષ્ઠ છે. બેતાબ, અર્જુન, ડકૈત,અર્જુન પંડિત અને છેલ્લે જો બોલે સો નિહાલ જેવી ફિલ્મોમાં તેમણે સની દેઓલ સાથે બનાવી છે. રાહુલ રવૈલનું બીજું એક પાસું એ પણ છે કે તેમણે ઘણા નવોદિતોને ડાયરેક્ટ કર્યા છે.

જેમકે કુમાર ગૌરવ અને વિજેતા પંડિત (લવ સ્ટોરી)સની દેઓલ અને અમૃતા સિંઘ (બેતાબ) કાજોલ (બેખૂદી)અને ઐશ્વર્યા રાય (ઔર પ્યાર હો ગયા) જેવા કલાકારોની પ્રથમ ફિલ્મને તેઓ એ જ દિગ્દર્શિત કરી હતી.

ઉપરના સંવાદ જેવા જ એક મંત્રની પંક્તિ ઋગ્વેદ માં મળી આવે છે

પુરુદ્રુહો હિ ક્ષિતયો જનાનામ્ પ્રતિ ॥ 3/૧૮/૧

- અર્થ : મનુષ્યના દ્રોહી(શત્રુ) મનુષ્ય જ હોય છે.

ચારવેદ પૈકીનો ઋગ્વેદ સંસ્કૃત સાહિત્યનો જ નહીં સમગ્ર દુનિયાનો સૌથી પ્રાચીન ગ્રંથ ગણાય છે. ઋગ્વેદમાં ૧૦ મંડળ ૧૦૨૮ સૂક્ત અને ૧૦૬૦૦ મંત્રો આવેલા છે.

આજે જ્યારે આપણે એક વિપરીત પરિસ્થિતિમાં આવી ચૂક્યા છીએ ત્યારે, આમ જોવા જઈએ તો સૌથી વધુ ખતરો વાયરસ કરતા એવા દોષિત વ્યક્તિઓનો છે જે હાથે કરીને માનવજાતને નુકસાન પહોંચાડવા માંગે છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

'ઑનલાઈન કાવ્ય મહેફિલ' યોજાઈ

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

વિસરાતી ગરવી ગુજરાતી માતૃભાષામાં ઊંડો રસ કેળવાય અને નવોદિતોને પ્રોત્સાહન મળે તે હેતુસર, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા દર માસના બીજા રવિવારે,સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે; પરંતુ આ માસે, સાંપ્રત સમયમાં વિશ્વને હચમચાવી મૂકનાર મહામારી કોરોનાકહેરના સંક્રમિત કાળમાં લૉકબંધી' તથા કલમ ૧૪૪ ના અમલની પરિસ્થિતિના કારણે, સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા, અનોખી 'ઑનલાઈન કાવ્ય મહેફિલ' તા.૧૨-૪-૨૦૨૦ના રોજ યોજવામાં આવી; જેમાં અધ્યક્ષશ્રીએ સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને અજય રાવલ દ્વારા શબદની દેવી મા શારદાની સ્તુતિ વંદનાથી શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ઓનલાઈન મહેફિલમાં (૧) માયાબેન ચૌહાણે 'આવી રૂડી ઉગમણી પરોઢ' ગીત (૨) ખ્યાતનામ ગઝલકાર- કવિ કિશોર જીકાદરાએ ગઝલ 'તુંનથી તોખ્યાલ તારોછાતીએ ચાંપી શકું'(૩)કવિ ભીખુ કવિએ 'હું ના કાનો કે માત્રા છું'(૪)તોફાની તાંડવ ગ્રુપના નિરંજનભાઈ દ્વારા 'ઘરમાં રહો' (૫) લેખક આનંદ પટેલ દ્વારા ગઝલ - 'બોલ કબીરા' (૬) માઈક્રોફિક્શન વાર્તાના લોકપ્રિય લેખક હાર્દિક યાજ્ઞિક દ્વારા 'ચાલ માણસ હોવાનો વહેમ દૂર કરી જોઈએ તથા માઈક્રોફિક્શન વાર્તા (૭) કૉલમીસ્ટ રણછોડ પરમાર દ્વારા 'કોરોના...કોરોના' (૮)કૉલમીસ્ટ મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા-'કોરોના દુર્દેવ' (૯) કિરીટ ત્રિવેદી દ્વારા ચાલો સરી જઈએ કૉમામાં (૧૦) અલ્કેશ પંડ્યા દ્વારા- સમયને સમજીએ (૧૧) કોમલ તલાટી દ્વારા-વિતેલી ક્ષણો (૧૨) કવિ બાબુલાલ નાયક દ્વારા-ઉંબર આવે છે મને આડો (૧૩) અમદાવાદનાં લેખિકા પાર્મિ દેસાઈ દ્વારા- ચેન નથી શાંતિ નથી (૧૪) બાળસાહિત્યકાર કાંતિલાલ શર્માની વાર્તા 'રઘલો' અજય રાવલ દ્વારા રજુ(૧૫) 'કોરોનાથી ડરોના' શ્રી સંજય થોરાત દ્વારા અને (૧૬) ગઝલકાર પ્રતાપસિંહ ડાભી દ્વારા- શત્ પ્રહરી પ્રવાસ થયો ને...' રજૂ કરવામાં આવ્યાં.આ ઑનલાઈન કાવ્ય મહેફિલ લોકોએ નાણી, મનભર માણી અને વખાણી અધ્યક્ષે સૌનો આભાર માન્યો.

- muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

સંત દેવીદાસ અને અમરમા : સેવા યજ્ઞના જ્યોતીર્ધરો

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

એના દાસના તે દાસ થઈને રહીએ રે....

સંસારના દુખિયારાઓની પીડા હરવાનું કામ જેમણે નિજાનંદે તથા સહજભાવે કરેલું છે. તેવા સંતોની એક ઉજળી પરંપરા આપણે જોઈએ છે. સૌરાષ્ટ્ર અને કચ્છની ભૂમિ ઉપર આવા સંતો તથા શૂરવીરોના અનેક સ્થાનકો ઊભા છે. તેમનો એકમાત્ર ધર્મ એ માનધર્મ હતો. તેમના માનવધર્મ પ્રત્યેની નિષ્ઠાને કારણે આ સંતોના જીવન યજ્ઞકુંડની જવાળા સમાન જવલંત તથા ઝળહળતા રહેલા છે.

સંતોની આ ઉજળી પરંપરાના સંદર્ભમાં એક ઘટના સ્મૃતિમાં આવે છે. વેરાન વગડાની વચ્ચે જટાદાર જોગીની છટાથી ઊભેલા લીમડાના કેટલાક વૃક્ષો નીચે એક વેલડું (બળદગાડા જેવું એક સાધન)ઊભું રહ્યું. લીમડા આચ્છાદિત આ જગા વિશ્રામ કરવા માટે સારી હતી. ગરમીથી રાહત મળે તથા આ જગાએ આવેલા એક જૂના કૂવાના શિતળ જળથી તૃષા પણ સંતોષી શકાય. વેલડાની સાથે રહેલા એક વડીલે આ જગાએ બેસીને જલ્દીથી મુસાફરીમાં સાથે લીધેલું ભોજન કરી લેવા કહ્યું. ઉપરાંત આ વડીલે વેલડામાં જોડાયેલા બળદોને પણ નીરણ પાણી કરાવવા માટે સૂચના આપી.

વેલડામાં આહીર જ્ઞાતિની એક યુવાન દીકરી બેઠેલી હતી. દીકરી પણ સૌની સાથે આ મનને ગમે તેવા વગડાની વચ્ચે આવેલા સ્થળે ભોજન કરવા બેઠી હતી.

વેલમાં બેસીને પોતાના સાસરે જતી આ કોડભરી કન્યાને એક વાતનું ખૂબ આશ્ચર્ય થયું, વખતોવખત વેલડાની સાથે આવેલા વડીલ આ સ્થળેથી જલ્દી જલ્દી નીકળવાનું શા માટે કહેતા હતા. આ સોહામણી જગાએ લીમડાની શીળી છાયા હેઠળ તો થોડીવાર જમીને આરામ કરવા જેવું હતું. દીકરી આસપાસ નજર ફેરવીને થોડા ડગલાં આ સ્થળની આજુબાજુ ધીમા પગલે ફરે છે. અચાનક આ કન્યાના કાને કોઈને વચ્ચેની વાતચીતના અસ્પષ્ટ શબ્દો સંભળાયા. વગડામાં આવા સ્થળે તથા સમયે કોઈ વાતચીત કરતું હશે તેની તેને ઉત્સુકતા થઈ. પરિસ્થિતિનો તાગ મેળવવા આ સાસરે જવા નીકળેલી કન્યા વાતચીત સંભળાતી હતી તે દિશા તરફ જવા લાગી. થોડા ડગલાં ચાલ્યા પછી આ કન્યાએ જે દૃશ્ય જોયું તે રૂંવાડા કરી દે તેવું હતું.

દીકરીએ જોયું કે એક સાધુ કોઈ જૈફ ઉંમરના માજીના રક્તપિત્તના રોગથી સડેલા તથા ગંધ મારતા શરીરના અંગોને હૂંફાળા પાણીથી સાફ કરતા હતા. દીકરીએ એ બાબતની પણ નોંધ લીધી કે આવું દેખીતી રીતે અપ્રિય લાગે તેવું કામ કરતા પેલા સાધુના મુખ ઉપર ઠાકોરજીની આરતી કરતી વખતે પુજારીના મોં પર જેવી પ્રસન્નતાના ભાવ હોય તેવા જ ભાવ જોવા મળતા હતા. આવું કાર્ય પૂર્ણ નિજાનંદથી કરતા સાધુ વચ્ચે વચ્ચે મીઠી મજાક-મશ્કરી કરીને જૈફ ઉંમરના પીડિત મહિલાનું દર્દ પણ ઓછું થાય તેવા નરવા પ્રયાસ કરતા હતા. બાવાજી મા ને કહેતા '' મા, તમે તો જલ્દીથી સાજા નરવા થઈ જવાના છો આ પીડા હવે તો ગઈ તેમજ સમજો ! '' ડોશીમાં શાંતિ આપનારા સાધુના આ શબ્દો સાંભળીને દર્દમાંથી અનેરી રાહત મેળવતા હતા.

સાસરે જઈ સંસાર માંડવાના સોણલાં જોતી આ કોડભરી કન્યા આ દ્રશ્ય જોતાં જે દિગ્મૂઢ થઈને કોઈ અનેરા ખેંચાણથી તે બાજુ ખેંચાયા કરતી હોવાનો અનુભવ મનોમન કરતી હતી. દીકરી સાવ નજીક જઈને ઊભી રહે છે. સાધુનું ધ્યાન અચાનક જ આ યુવાન કન્યા તરફ જતા અધિરાઈથી બોલી ઉઠે છે. ' અરે, મારી મા, જરા દૂર ઊભી રહે. ' કન્યાના વસ્ત્ર પરિધાન અને શરીર પરના આભૂષણો જોઈને સાધુ તેને કહે છે. કે, '' તારે તો હજુ સંસાર માણવાનો બાકી છે.' પણ આ દીકરીની મનોસ્થિતિ હવે બદલાઈ ચૂકી હતી. દીકરી મનમાં વિચારતી હતીઃ ' અરેરે! આ સુંદર દેખાતા શરીરની આવી પણ સ્થિતિ થતી હશે ? ' જો એમ જ હોય તો આ ક્ષણભંગુરતાનું કહેવાતું સુખ માણવાનો અર્થ શું છે ? જીવનનો ખરો અર્થ ભોગ વિલાસમાં નહિ પરંતુ આ વગડા વચ્ચે ખરા અર્થમાં માનવસેવાનો યજ્ઞ કરનાર સાધુના પગલે જીવન જીવવામાં છે, તેની દ્રઢ પ્રતીતિ દીકરીને થઈ ચૂકી હતી.

ગંગાસતી કહે છે તેમ- વીજળીના એક ચમકારે યુવાન કન્યાએ નિર-ક્ષિરનો તાગ મેળવી લીધો હતો. દેહની ચમક-દમકનો ભ્રમ આ સાધુના કાર્યને જોતાં જ ઓગળી ગયો. દુખિયારા ભાંડુઓના આંસુ લૂછવામાં હવે આ કોડભરી કન્યાને જીવનનું સાર્થક્ય દેખાતું હતું. પૂરી સ્વસ્થતા તથા અસાધારણ દ્રઢતા સાથે દીકરીએ શરીર પરના આભૂષણો એક પછી એક ઉતારીને વેલડાની સાથે રહેલા વડીલને સોંપી દીધાં. રક્તપિતીયાઓની સેવા કરવા માટે પૂરા વિસ્તારમાં સુવિખ્યાત એવા સંત દેવીદાસના ચરણોમાં બેસી જવાનું અને આ કપરું સેવાકાર્ય કરવાનું દીકરીનું અનાયાસ જ લેવાયેલું વ્રત ભીષ્મ પ્રતિજ્ઞાની પુનઃ સ્મૃતિ કરાવે તેવું તેજોમય હતું. આ દીકરી તે અમરબાઈ તથા આ સંત એટલે સંત દેવીદાસ હતા.

સંત પરંપરાના સંતો મરમી તથા સેવાયજ્ઞને સમર્પિત હતા. આ સંતો પૈકીના કેટલાક નિરક્ષર હતા પરંતુ આતમના અજવાળે દિશા પારખનારા હતા. અખંડ ધણીની ઓળખ મેળવવા તેમણે જીવનભર મથામણ કરી હતી. 'ટૂકડો' ત્યાં હરિ 'ઢુકડો' એવી શ્રધ્ધા સાથે સૌ માટે સ્નેહનું સદાવ્રત ચલાવતા હતા.

સંતોની આ ઉજળી પરંપરા આપણો ઉજળો વારસો છે. કાળના કપરા તથા વિકટ પ્રવાહમાં પણ આવા સંતોનો પ્રભાવ ઝાંખો પડ્યો નથી. 'દો રોટી અને એક લંગોટી 'ના ધણી એવા આ પરોપકારી સંતોએ સમાજમાં માનવતાના ઉત્તમ ગુણોનું સિંચન અને સંવર્ધન પોતાના જીવન તથા આચરણના બળે કરેલું છે. સંત દેવીદાસ તથા અમરમા જેવા સંતોના ત્યાગ-બલિદાન અને સંસ્કારનો ધૂણો આજે પણ ધખી રહેલો છે.

'સ્થાનિક' પ્રથમ : મહાત્મા ગાંધીની અણનમ ફિલસૂફી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

કોરોના કોવિદ-૧૯ મહામારીના પગલે દુનિયા આરોગ્ય ક્ષેત્રે વિપરિત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. કોરોના અસરના પરિણામે સમગ્ર વિશ્વમાં વૈશ્વિક મંદીનું મોજું ફરી વળશે એમ અર્થશાસ્ત્રીઓ બતાવી રહ્યા છે. એક તરફ આ સ્થિતિ છે તેના પરિણામે અનેક ફેરફારો વિશ્વ કક્ષાએ થોડા સમયમાં પ્રસરશે અને એક જુદા પ્રકારના સમાજ જીવન અને સામાજિક ચિંતનની શરુઆત પણ થશે. આમ તો સમાજને સંશોધનોના આધારે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવનારા સમાજ વિજ્ઞાનીઓ - અર્થશાસ્ત્રીઓ - સમાજશાસ્ત્રીઓ સમયાંતરે નવા સિદ્ધાંતો દ્વારા નવી બાબતો મૂકતા હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ૧૯૯૦ના દાયકા દરમિયાન આર્થિક ઉદારીકરણના પગલે દરેક દેશને તેમના ઉત્પાદનો અન્ય દેશોમાં વેચવા માટે ભાર મૂકવામાં આવ્યો હતો. આના કારણે દુનિયાના બજારમાં તમારી ઉત્પાદીત ચીજવસ્તુ વેચીને તમે સારો નફો કમાઈ શકો અને દેશની આર્થિક સદ્ધરતામાં ઉપયોગી બનો એમ સમજાવવામાં આવ્યું હતું. એ દિવસોમાં ખુદ સરકારો પણ (રાજય અને કેન્દ્ર) કોઈ પણ જાણકારી સૂચક વિજ્ઞાપન હોય કે ભાવપત્રક મંગાવવા બાબતની જાહેરખબર હોય તેમાં લખાણની ઉપરના ભાગે જ લખાતું હતું કે 'નિકાસ કરો અથવા નુકશાન ખમો' - એ પછી ફરી સમાજ પરિવર્તન અને સામાજિક સહિતના અન્ય વિકાસો તરફ સમાજ વિજ્ઞાનીઓની નજર દોડી. અને અગાઉ જેને વસ્તી વધારો એક સમસ્યા ગણવામાં આવતી હતી તે સમજમાં ફેરફાર થયો. અને અતિવસ્તીને આશીર્વાદ રુપ માનવામાં આવી. એટલે જેટલી વધુ વસ્તી એટલો ફાયદો વધારો. જેને શાબ્દિક રીતે વસ્તી વળતર (ડેમોગ્રાફિક ડિવિડન્ટ) તરીકે પારિભાષિત કરવામાં આવ્યું. જો કે વિશ્વમાં નિકાસ કરો અને વધારે વસ્તી તો વધુ વળતર - આ બધી સ્થિતિ વધતા બજારવાદને

'વૈશ્વિકીકરણ એ વાયરસની સાંપ્રત ચિંતામાં ગાંધી વિચાર એક ઉપચાર'

લીધે ઊભી થઈ હતી અને એ પણ કારણ કે એને લોકડાઉન નથી.

આપણે જયારે જયારે રાષ્ટ્ર સામે મુશ્કેલ પરિસ્થિતિ આવે ત્યારે દેશદાઝના કારણે ઘણો વિરોધ ઘણી બધી બાબતો સામે કરતા હોઈએ છીએ. પછી એ કોઈ ચીજ વસ્તુ, ટેકનોલોજી હોય કે દેશ. ઉદાહરણ તરીકે જોઈએ તો ચીન સામે આપણે આ રીતે રાષ્ટ્રપ્રેમના કારણે વિરોધ કરવા માટે ચાઈનીઝ આઈટમોનો ટેકનોલોજીનો બહિષ્કાર કરવાનું વલણ જોઈએ છે, સોશિયલ મીડિયાના આ દિવસોમાં તો એ ખાસું વધ્યું છે, પરંતુ એ માત્રને માત્ર મેસેજ આગળ મોકલવા સુધી જ. ઉપભોક્તાવાદની ભૌતિક જરૂરીયાત આપણને એણાં સફળ થવા દેતી નથી. થોડી સ્થિતિ એવી પણ ખરી કે સ્થાનિક ઉત્પાદન કરતા એ ચીજવસ્તુઓ સસ્તી મળે છે, અને ભલે ટકાઉ ન હોય. પણ ત્યારે એ પણ આપણે નોંધવું જોઈએ કે બહુધા વપરાશકારોને હવે નવું જોઈએ છે, નવું જલ્દી જૂનું થઈ જાય છે, એટલે ટકાઉપણાં કરતા એ સસ્તુ હોય એ વધારે સ્વીકાર્ય છે. નવી પેઢીમાં તો આ વલણ ખાસ જોવા મળે છે. આજે આપણે જે અત્યારે ઘરબંધની સ્થિતિ ભોગવી રહ્યા છીએ એના અનેક કારણોમાં વૈશ્વિકીકરણ જવાબદાર કારણ ગણાવવામાં આવ્યું છે.

એટલે આજની 'ઘરબંધી'ની સ્થિતિ પછી વૈશ્વિક કક્ષાએ હવે વૈશ્વિકીકરણને સમસ્યાનું મૂળ માનવામાં આવ્યું છે. વિવિધ વિકસિત રાષ્ટ્રો પોતાના દેશના નૈસર્ગિક અને તકનીકી સંસાધનોના ઉપયોગ અર્થે અન્ય દેશોમાંથી માનવબળને નાગરિકતા આપીને અથવા તો વિઝાની છૂટ આપીને ધંધા રોજગાર માટે તક આપતું હતું. આની પાછળ કારણ તો એ જ વધારે હતું કે બહારના દેશના લોકો વિકસિત દેશોમાં આવીને એ દેશના અર્થતંત્રને વધુ ચેતનવંતી બનાવે. પરંતુ હવે આ સ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે. અમેરિકી પ્રમુખે તો ઘણી વખત આ બાબતે પોતાના વિચારો (ધમકી) રજૂ કર્યા છે અને બીજા દેશોના વડાઓ પણ નહીં બોલીને આ રીતે વર્તે તો નવાઈ નહીં લાગે. પણ કોરોનાએ જે ડરનો માહોલ પેદા કર્યો છે એમાં એક વાત સ્પષ્ટ બની છે, ગ્લોબલાઈઝેશનના બદલે ડિગ્લોબલાઈઝેશનની સ્થિતિ વધુ સારી છે. વૈશ્વિક બનવાના પ્રયાસો કોઈ પણ સમસ્યાનો પણ એક દેશ કે સ્થળ કે ધર્મ કે જાતિ સુધી સીમિતન હીં રાખે પણ આખી પૃથ્વીના તમામ દેશોએ સમસ્યાનો ભોગ બનશે. વિશ્વમાં એક નવી વિચાર હલચલ શરૂ થઈ છે - 'સ્થાનિક બનો', વૈશ્વિક નહીં. અત્યારની આ પરિસ્થિતિમાં આપણે ગાંધીને યાદ કર્યા વગર છૂટકો નથી.

ગાંધીજીએ હિંદની વિશાળ આમ જનતાની જીવન વ્યવસ્થા તેની સંસ્કૃતિ અને પ્રકૃતિને અનુરુપ ગોઠવાય, દરેક માનવનો શારીરિક, બૌદ્ધિક અને આત્મિક વિકાસ યોગ્ય રીતે થાય, સમાજમાંથી શોષણનું તત્ત્વ નાબૂદ થાય, સમાનતા સ્થપાય તે માટે રચનાત્મક કાર્યક્રમો સર્વના ઉદયની ફિલસૂફીમાં રજૂ કરીને સ્થાનિકની મહત્તા એક સદી પહેલા વ્યક્ત કરી હતી. અહિંસક સમાજ રચનાની પાયાની વાત આજે વિશ્વના તમામ દેશોને સ્વીકારવી પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે.

અત્યારના સમયના આવી પડેલા પ્રશ્નો આપણે જોઈએ તો ગાંધીએ ખેડૂત હોય કે ખેત મજૂર, ઈજનેર - તબીબ - વકીલ - વેપારી - આબાલ - વૃદ્ધ - ગરીબ - તવંગર માટે સાદુ જીવન એ શ્રેષ્ઠ જીવન છે.' એ દર્શાવી આપ્યું હતું. ગાંધીજીએ પાશ્ચાત્ય સંસ્કૃતિ વિશે કહ્યું હતું : 'આવી સંસ્કૃતિ છે જ નહીં, આ એક આધુનિક સંસ્કૃતિ છે જે પુરેપુરી જડવાદી છે. હિંદ ઉપર બ્રિટીશરો રાજ નથી કરતા પણ રેલવે, તાર, ટેલિફોન અને સંસ્કૃતિના વિજયરુપ મનાતી દરેક શોખ મારફતે એ આધુનિક સંસ્કૃતિ રાજ કરે છે.'

(સંદર્ભ : એચ. એસ. પોલાકને પત્ર, ૧૭ ઑકટોબર, ૧૯૧૯)